# ખાડીપૂરમાં લોકઆક્રોશથી કોર્પોરેટરો ગભરાયા

**કોર્પોરેટરોએ** પુણા-પરવટ-ડુંભાલના પ્રશ્નોને લઈ અધિકારીઓ સાથે મિટિંગ કરી

**સ્ટોર્મ** ડ્રેનેજ લાઇન વિસ્તરણ, કાયમી પમ્પિંગ સ્ટેશન અને આઉટર રિંગ રોડ પાસે ખાડી પર નવી વ્યવસ્થાની માંગ

સુરત : ખાડીપૂરની યાતનાથી પુણા, પરવટ અને ડુંભાલ વિસ્તારના હજારો રહેવાસીઓ હજુ પણ ત્રસ્ત છે. તાજેતરના પૂર બાદ લોકોમાં ઉગ્ર બનેલા રોષને પગલે ગભરાયેલા સ્થાનિક કોર્પોરેટરોએ કાયમી ઉકેલ માટે તંત્ર સમક્ષ રજૂઆત શરૂ કરી છે. ડ્રેનેજ કમિટીના ચેરમેન રવિન્દ્ર ખેરનારની કચેરી ખાતે સ્થાનિક કોર્પોરેટરો અને મનપાના ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઈજનેર વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં પુણા-પરવટ-ડુંભાલ વોર્ડમાં દર વર્ષે સર્જાતી ખાડીપૂરની સમસ્યાના કાયમી નિરાકરણ માટે વિવિધ સૂચનો અને માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. ચર્ચા દરમિયાન સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનની ક્ષમતા વધારવા અને તેનું વિસ્તરણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે જ હાલ જે જગ્યાએ કામચલાઉ વ્યવસ્થા છે ત્યાં કાયમી પમ્પિંગ સ્ટેશન ઉભું કરવાની માંગ કરવામાં આવી હતી, જેથી ભારે વરસાદ અને ખાડીમાં પાણીની સપાટી વધે ત્યારે પાણીનો ઝડપી નિકાલ થઈ શકે. બેઠકમાં આઉટર રિંગ રોડથી શહેરમાં પ્રવેશતી ખાડીના વહેણને નિયંત્રિત કરવા માટે જરૂરી સ્થળે બંધ (બેરેજ જેવી વ્યવસ્થા) ઊભી કરી ત્યાં પણ નવું પમ્પિંગ સ્ટેશન સ્થાપવાની દરખાસ્ત પર ચર્ચા કરવામાં આવી હતી. કોર્પોરેટરોએ જણાવ્યું હતું કે આવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે તો ભવિષ્યમાં પૂરનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય. આ રજૂઆતમાં સ્થાનિક કોર્પોરેટરો દિનેશ રાજપુરોહિત, દીપક રબારી, હીના વાછાણી અને વિધી રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અધિકારીઓને અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકોની મુશ્કેલીઓથી અવગત કરાવી તાત્કાલિક તેમજ લાંબા ગાળાના આયોજન સાથે કામગીરી શરૂ કરવાની માંગ કરી હતી. કોર્પોરેટરોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દર વર્ષે પૂર બાદ માત્ર તાત્કાલિક રાહત કામગીરી પૂરતી નથી, પરંતુ ખાડીપૂરની સમસ્યાનો કાયમી અને વૈજ્ઞાનિક ઉકેલ લાવવા માટે ડ્રેનેજ નેટવર્કનું આધુનિકીકરણ, નવા પમ્પિંગ સ્ટેશન અને પાણીના વહેણના અસરકારક સંચાલન જેવા પ્રોજેક્ટને પ્રાથમિકતા આપવી જરૂરી છે. હવે સ્થાનિક લોકોની નજર તંત્ર આ રજૂઆતોને કેટલા ઝડપથી અમલમાં મૂકે છે તેના પર ટકેલી છે.

### પૂર નહીં આવે તે માટે ચીકુવાડી પાસેથી તાપી નદીમાં

## ખાડી ડાયવર્ઝન એટલે નવા પેકિંગમાં જૂની પ્રોડક્ટ: ધારાસભ્ય કુમાર કાનાણી

**‘કાગળના** પ્લાન નહીં, જમીન પર કામ કરો’, 40 કરોડ ક્યાં ગયા?

સુરતઃ મહાનગરપાલિકા એક તરફ 188 કિલોમીટર ખાડી પટ્ટાનો DGPS અને ડ્રોન સર્વે, ડેટા એનાલિસિસ અને ચીકુવાડી ફ્લડગેટ મારફતે પાણી તાપીમાં ડાયવર્ટ કરવાની યોજના રજૂ કરીને નવી દિશામાં કામ થઈ રહ્યું હોવાના દાવા કરી રહી છે. પરંતુ ધારાસભ્ય કુમાર કાનાણીએ આ સમગ્ર આયોજનને માત્ર જૂની વાતને નવા પેકિંગમાં વેચવાનો પ્રયાસ ગણાવ્યા છે. કાનાણીએ કહ્યું કે ચીકુવાડીમાંથી પાણી તાપી નદીમાં જતું હોવું કોઈ નવી શોધ નથી. વર્ષોથી ચોમાસામાં ફ્લડગેટ ખોલવામાં આવે છે અને પાણી તાપીમાં જ જાય છે. એક સ્થળે પાણી ડાયવર્ટ કરવાથી સમગ્ર શહેરની ખાડીપૂરની સમસ્યા ક્યારેય ઉકેલાઈ શકે નહીં.

જો ખરેખર ઉકેલ લાવવો હોય તો કાગળ પરના પ્લાન નહીં, પરંતુ જમીન પર નક્કર કામગીરી જરૂરી છે. ધારાસભ્યએ ગયા વર્ષે ખાડીપૂર બાદ ફાળવાયેલા 40 કરોડ રૂપિયાના ભંડોળનો પણ મુદ્દો ઉઠાવી તંત્રને ઘેર્યું. તેમણે સવાલ કર્યો કે વિશેષ સમિતિ બનાવી કરોડો રૂપિયાનું ફંડ જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ એક વર્ષ દરમિયાન થયું શું? જો એ સમયે સરવે, ડ્રેજિંગ અને દબાણો દૂર કરવાની કામગીરી શરૂ થઈ હોત તો આજે હજારો પરિવારોને ફરીથી પાણીમાં ગરકાવ થવાનો વારો ન આવ્યો હોત.

ખાડી કિનારાના દબાણો અને ગેરકાયદે બાંધકામો અંગે પણ ધારાસભ્યએ વહીવટી તંત્રને જવાબદાર ઠેરવ્યું. તેમણે કહ્યું કે જો પરવાનગીઓ મનપાએ આપી હોય, સમયસર ડ્રેજિંગ ન કર્યું હોય અને દબાણો દૂર ન કર્યાં હોય તો તેની સંપૂર્ણ જવાબદારી પણ અધિકારીઓની જ બને છે. સત્તાધારી પક્ષના જ ધારાસભ્ય ખુલ્લેઆમ મનપાના દાવાઓ પર પ્રશ્નચિહ્ન મૂકી રહ્યા હોવાથી ખાડીપૂર મુદ્દે તંત્ર વધુ ઘેરાયું છે.

### સ્મીમેર હોસ્પિ.ના કેમ્પસમાં દારૂની ખાલી બોટલો મળી !




■ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ અને મેડિકલ કોલેજ કેમ્પસની સ્થિતિને લઈને આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર 17ના કોર્પોરેટર રચના હીરપરાએ સ્થળ મુલાકાત લઈને તંત્રની બેદરકારી ખુલ્લી પાડી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના વિસ્તારમાં આવેલી આ હોસ્પિટલમાં ચારે તરફ ગંદકી, કચરાના ઢગ અને દૂષિત પાણી ભરાયેલા રહે છે, જેનાથી દર્દીઓ સાજા થવાને બદલે વધુ બીમાર પડે તેવી પરિસ્થિતિ સર્જાઇ છે. આ ઉપરાંત કેમ્પસનો મુખ્ય માર્ગ બંધ હોવાથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તંત્ર દ્વારા માત્ર સ્વચ્છતાના નામે ફોટો સેશન અને મોટા ભાષણો કરવામાં આવતા હોવાનો આરોપ પણ તેમણે લગાવ્યો હતો. આ સ્થળ તપાસ દરમિયાન સૌથી ગંભીર બાબત એ સામે આવી હતી કે હોસ્પિટલ અને કોલેજ પરિસરમાંથી દારૂની ખાલી બોટલો મળી આવી હતી. જ્યાં ખરેખર સફાઈ અને સુરક્ષાની જરૂર છે ત્યાં ગંદકી અને અરાજકતા વ્યાપેલી છે.

## મીઠીખાડીના પૂર અટકાવવા સંરક્ષણ, પૂર્વાનુમાન, નિર્ણયની પ્રણાલી જરૂરી

**મીઠી** ખાડીમાં પાણીનાં સ્તર, વરસાદી પાણીનાં વહેણ અને દરિયાઇ ભરતીની અસરનું વધુ ચોક્કસ પૂર્વાનુમાન શક્ય બની શકેઃ ડો.પંકજ ગાંધી

સુરતઃ સુરતની મીઠી ખાડી માટે અદ્યતન મીઠી ખાડી પૂર સંરક્ષણ, પૂર્વાનુમાન અને નિર્ણય સહાયક પ્રણાલી (ડીએસએસ) વિકસાવવાની તાત્કાલિક જરૂરિયાત હોવાનું અર્બન પ્લાનર અને સિવિલ એન્જિનિયર ડૉ. પંકજ ગાંધીએ જણાવ્યું હતું.

તેમના જણાવ્યા મુજબ, તેના આધારે સંબંધિત વિભાગો સમયસર યોગ્ય નિર્ણયો લઈ શકશે અને જાનમાલ તેમજ જાહેર સંપત્તિને થતા નુકસાનમાં નોંધપાત્ર ઘટાડો કરી શકશે.

આ નિર્ણય સહાયક પ્રણાલીમાં ભારતીય હવામાન વિભાગ દ્વારા ઉપલબ્ધ વરસાદની આગાહી, ઓટોમેટિક રેઈન ગેજ ઓટોમેટિક વોટર લેવલ રેકોર્ડર, જળવિજ્ઞાન આધારિત મોડેલિંગ, જળપ્રવાહ આધારિત મોડેલિંગ,ભૌગોલિક માહિતી પ્રણાલી (જીઆઈએસ) આધારિત પૂરગ્રસ્ત વિસ્તારોનું નકસાકીય વિશ્લેષણ, દરિયાઈ ભરતીની અસરનું મૂલ્યાંકન તથા વેબ આધારિત ડિજિટલ નિયંત્રણ પેનલનો સમાવેશ કરવામાં આવશે.

આ તમામ ટેકનોલોજીના સંકલનથી મીઠી ખાડીમાં પાણીના સ્તર, વરસાદી પાણીના વહેણ અને દરિયાઈ ભરતીની અસરનું વધુ ચોક્કસ પૂર્વાનુમાન શક્ય બનશે.

ચોમાસા દરમિયાન આ પ્રણાલી સતત વરસાદ અને હવામાનની માહિતીનું વિશ્લેષણ કરીને વરસાદથી સર્જાતા પાણીના વહેણનું મૂલ્યાંકન કરશે. ત્યારબાદ જળપ્રવાહ મોડેલ દ્વારા મીઠી ખાડી, વરસાદી પાણીની નિકાલ વ્યવસ્થા અને દરિયાઈ ભરતીની સંયુક્ત અસરનું વિશ્લેષણ કરવામાં આવશે. તેના આધારે પમ્પિંગ સ્ટેશન, જળનિયંત્રણ દરવાજા અને અન્ય પૂર સંરક્ષણ માળખાના સંચાલન માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન ઉપલબ્ધ થશે. પાણીનું સ્તર ચેતવણીની મર્યાદા નજીક પહોંચે તે પહેલાં જ સંબંધિત વિભાગોને સ્વચાલિત ચેતવણી મોકલી શકાશે.

## ચેકરિટર્નમાં અડાજણના સ્ટાઈલ સલૂનના માલિકને એક વર્ષની કેદ

**ઘોડદોડ** રોડના વેપારી પાસેથી સલૂનના માલિકે રૂપિયા 11.40 લાખ ઉછીના લઈને ચેક આપ્યા હતા

સુરતઃ ઘોડદોડ રોડના વેપારી પાસેથી રૂપિયા 11.40 લાખ ઉછીના લઈને તેની સામે ચેક આપી બાદમાં નાણાં નહીં ચૂકવી ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે અડાજણના સ્ટાઈલ સલૂનના માલિક મો. ઈમરાન મો. ફારૂક અંસારીને દોષિત ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા સંભળાવી છે, તેમજ વેપારીને ચેકની રકમ વ્યાજ સહિત વળતર પેટે ચૂકવી આપવાનો આદેશ કર્યો છે.

કેસની ટૂંકી વિગતો એવી છે કે ઘોડદોડ રોડના રહેવાસી જયેશભાઈ બટુકભાઈ ડોમડીયા પાસેથી અડાજણના સ્ટાઈલ સલૂનના માલિક મોહંમદ ઈમરાન મોહંમદ ફારૂક અંસારીએ પરિચય હોવાના નાતે પોતાના સલૂનના ધંધાકીય વિકાસ તથા અંગત જરૂરિયાત માટે રૂ. ૧૧,૪૦,૦૦૦ ઉછીના લીધા હતા. આ રકમ પરત ચૂકવવા માટે મો. ઈમરાને કરાર, પ્રોમિસરી નોટ તથા બાંહેધરી પત્ર લખી આપ્યા હતા. પરંતુ ઉછીના નાણાની વસૂલાત માટે જ્યારે મો. ઈમરાનનો અડાજણ શાખાની એક્સિસ બેંકનો ચેક રજૂ કરાયો ત્યારે તે બેંકમાંથી રિટર્ન થયો હતો. જેથી જયેશ દોમડીયાએ પોતાના વકીલ મારફત કાયદાકીય નોટિસ પાઠવી હતી, પરંતુ રકમ ન મળતાં આખરે સુરત કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. કોર્ટ સમક્ષ રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ અને જયેશ દોમડીયાની દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે મો. ઈમરાનને દોષિત ઠેરવ્યો હતો.

## પ્રજાને ગંદકી બદલ દંડનારી મનપાની વોર્ડ ઓફિસની આસપાસ જ નર્કાગાર

**રામનગર** વોર્ડ ઓફિસ પાસે જ ગંદકીનું સામ્રાજ્યઃ વોક-વે પર સડી ગયેલા કચરાથી અસહ્ય દુર્ગંધ



સુરતઃ ખુદ સફાઈ અને આરોગ્ય વિભાગની જવાબદારી સંભાળતી સુરત મનપાની રામનગર વોર્ડ ઓફિસની બાજુમાં જ કચરાના ઢગલા સડી રહ્યા છે.

ભારે વરસાદ બાદ મોરાભાગળથી રામનગર અને પાલનપોર મશાલ સર્કલ સુધીના વોક-વે પર ભીંજાયેલો જૈવિક કચરો અસહ્ય દુર્ગંધ ફેલાવી રહ્યો છે. જેના કારણે અહીંથી પસાર થતાં સ્થાનિક રહીશો, વાહનચાલકો અને ખાસ કરીને સવારે મોર્નિંગ વોક માટે આવતા નાગરિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. મનપાએ છેલ્લા એક અઠવાડિયામાં પ્રજાને 12 લાખનો દંડ ગંદકી બદલ કર્યો છે હવે વોર્ડ ઓફિસની આસપાસ જ ગંદકી ‘દીવા તળે અંધારા’ જેવો ઘાટ કરે છે.

આ વિસ્તારમાં સફાઈના અભાવની સાથે સાથે ગેરકાયદે દબાણોની પણ મોટી સમસ્યા સર્જાઈ છે. વોક-વેની આસપાસ મોટી સંખ્યામાં શાકભાજીના ફેરિયાઓ રસ્તા પર દબાણ કરીને બેસે છે, જેના લીધે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે.

સ્થાનિકોનો આરોપ છે કે દબાણ હટાવવાની કામગીરી માત્ર કાગળ પર જ રહે છે. જો વોર્ડ કચેરીની આસપાસ જ આટલી ગંદકી હોય તો આખા શહેરની સ્થિતિ કેવી હશે? તેવો રોષ વ્યક્ત કરીને સ્થાનિકોએ મનપાના ઉચ્ચ અધિકારીઓ પાસે જવાબદાર કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવા તથા વોક-વે પરથી દબાણો દૂર કરી તાત્કાલિક સફાઈ કરાવવાની માંગ કરી હતી.

### લેન્ડ ગ્રેબિંગના ગુનામાં માથાભારે કીર્તિ પટેલની જેલમાંથી ધરપકડ

સુરત : પુણા વિસ્તારમાં એક વૃદ્ધ દંપતીના ફ્લેટ પર ગેરકાયદેસર કબજો જમાવી રાખવા બદલ માથાભારે કીર્તિ પટેલની સામે નોંધાયેલા ગુનામાં પુણા પોલીસ સ્ટેશનની ટીમે લાજપોર મધ્યસ્થ જેલમાંથી તેની સત્તાવાર કસ્ટડી મેળવી આગળની ધાક બેસાડતી કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ પ્રમાણે વર્ષ 2019માં કીર્તિ પટેલે દલાલ મારફતે પોતાના પરિવાર સાથે રહેવાનો દાવો કરીને મકાનમાલિક કીર્તિભાઈ ઈશ્વરદાસ પટેલનું ઘર ભાડે લીધું હતું. ભાડા કરાર માટે જરૂરી કાયદાકીય કાગળો સોંપવામાં આનાકાની કર્યા બાદ મકાનમાં અંદરોઅંદર મારપીટ અને અશાંતિનો માહોલ સર્જી કીર્તિ પટેલે મકાન પચાવી પાડ્યું હતું.

## પદાધિકારી અને નેતા માનીતાને ડે.ઈજનેર બનાવવામાં ગભરાયા

**ભલામણવાળા** ઉમેદવારો મેરિટમાં જ ન હોવાથી વહીવટી તંત્રે નમતું જોખવાને બદલે મેરિટ મુજબ ઓર્ડર કર્યા

સુરતઃ મનપામાં ભરતી પ્રક્રિયા પર રાજકીય દખલ કેટલી હદ સુધી પહોંચે છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે.

ડેપ્યુટી ઈજનેર (સિવિલ) ની માત્ર સાત જગ્યાઓ માટેની ભરતીમાં પણ મેરિટ કરતાં ભલામણને મહત્ત્વ અપાવવાનો પ્રયાસ થતાં ભરતી પ્રક્રિયા એક અઠવાડિયા સુધી અટકી રહી હતી. મનપાના પદાધિકારી અને ભાજપના એક સ્થાનિક નેતાએ પોતાના ભલામણવાળા બે ઉમેદવારોને ભરતીમાં સમાવવાનો આગ્રહ રાખ્યો હતો. જોકે લેખિત પરીક્ષામાં જ બંને ઉમેદવારો પાછળ રહી ગયા હતા. ઈન્ટરવ્યૂમાં પણ જો તેમને પૂર્ણ 100માંથી 100 ગુણ પણ અપાય, તો પણ રોસ્ટર અને કુલ મેરિટના આધારે તેઓ પસંદગીમાંઆવી શકે તેમ નહોતા. આખરે વિવાદનો ભય અને નિયમોની મર્યાદા સામે રાજકીય દબાણ ટકી શક્યું નહીં અને ગત મોડી સાંજે ઓર્ડર કરાયા હતા.

### હવે ડે. ટાઉન પ્લાનર માટે રાજકીય દબાણ

હવે નજર ડેપ્યુટી ટાઉન પ્લાનરની ત્રણ જગ્યાઓની ભરતી પર છે. આ ભરતીના ઓર્ડર હજુ પેન્ડિંગ છે અને સાથે જ ડીપીસીની પ્રક્રિયા પણ ચાલી રહી છે. આવા સંજોગોમાં ફરી રાજકીય દખલગીરી થાય છે કે ખરેખર પારદર્શક અને મેરિટ આધારિત ભરતી થાય છે, તે જોવું મહત્ત્વપૂર્ણ બનશે.

## સસ્તા ભાવે સોનામાં વરાછાના જ્વેલર્સે 1.09 કરોડ ગુમાવ્યા

**મુંદ્રા** પોર્ટ પરથી માર્કેટ કરતાં ૪% સસ્તા ભાવે સોનાનાં બિસ્કિટ આપવાનો દાવો કરી રૂ. ૯૪ લાખ રોકડા લઈને ઠગ ફરાર થયો

સુરતઃ વરાછા વિસ્તારમાં આવેલા અંબિકા જ્વેલર્સના વેપારી સાથે મુંદ્રા પોર્ટ પરથી સસ્તા ભાવે સોનું આપવાના નામે રૂ. ૧ કરોડ ૦૯ લાખની મત્તાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

વરાછા હિરાબાગ વિઠ્ઠલનગર સોસાયટીમાં રહેતા અને લક્ષ્મી કોમ્પલેક્ષ ખાતે અંબિકા જ્વેલર્સ નામે ધંધો કરતા નિકુંજ અશોકભાઈ લુંભાણીના પરિચિત ગ્રાહક ઓધવજીભાઈ ચૌહાણે માર્ચ ૨૦૨૬માં પરેશ ડોબરિયા સાથે ઓળખાણ કરાવી હતી. પરેશે દાવો કર્યો હતો કે તે મુંદ્રા પોર્ટ ખાતેથી કસ્ટમમાંથી સોનું છોડાવીને બજાર ભાવ કરતા ૪ ટકા સસ્તા ભાવે સોનાના બિસ્કીટ પૂરા પાડે છે. શરૂઆતમાં વિશ્વાસ કેળવ્યા બાદ જુલાઈ ૨૦૨૬માં પરેશે મુંદ્રાથી ૧ કિલો જેટલું સોનું આવવાનું કહી વધુ રોકાણ કરવાની લાલચ આપી હતી. નિકુંજભાઈ અને ઓધવજીભાઈએ ભેગા મળીને રૂ. ૯૪ લાખ રોકડા ભેગા કર્યા હતા અને ગત તા.6ઠી જુલાઈના રોજ નિકુંજભાઈ, ઓધવજીભાઈ અને તેમનો પૌત્ર દિવ્યેશ પોતાની કાર લઈને અમદાવાદ પહોંચ્યા ત્યાં પરેશ ડોબરિયા પોતાની ઓડી કાર લઈને આવ્યો હતો અને સાણંદ ટોલનાકા નજીક રૂ. ૯૪ લાખ રોકડાનો થેલો લઈ ગયો હતો. દસ મિનિટ પછી પરેશે ફોન બંધ કરી દીધો હતો અને ફરાર થઈ ગયો હતો. આખરે નિકુંજભાઈ લુંભાણીએ વરાછા પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

## મેનેજરે બેંકમાંથી ઉચાપત અને માલ બારોબાર વેચી 93 લાખ ગપચાવ્યા

**ખટોદરાની** બે ટેક્સટાઇલ ફર્મના ખાતામાંથી બારોબાર રૂ.૪૩.૧૫ લાખ ટ્રાન્સફર કર્યા

સુરતઃ ખટોદરા વિસ્તારમાં આવેલા જય હનુમાન ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ સ્થિત બે પ્રિન્ટિંગ અને એમ્બ્રોડરી ફર્મના માલિકોનો વિશ્વાસ કેળવી એકાઉન્ટન્ટે 93 લાખ ઓળવી લીધા હતા.

સરથાણા યોગીચોક ખાતે રહેતા અને ખટોદરા સ્થિત ‘જય ગિરનારી ક્રિએશન’ નામના ફર્મના સંચાલિકા ક્રિશ્નાબેન વાડોદરીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની જ ઓફિસમાં એકાઉન્ટન્ટ તથા વહીવટકર્તા તરીકે કામ કરતા કેતનભાઈ ખત્રીએ માલિકોની જાણ બહાર ‘જય ગિરનારી ક્રિએશન’ ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (ભાઠા બ્રાંચ) અને HDFC બેંકના ખાતાઓમાંથી કુલ રૂ.૧૭,૧૦,૦૭૦.૮૦ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ ઉપરાંત, બાજુમાં જ ‘બાલ કૃષ્ણા ફેશન’ નામની ફર્મ ધરાવતા રશ્મીનભાઈ વેકરીયાના વરાછા કો.ઓપ. બેંક (સચિન બ્રાંચ)ના એકાઉન્ટમાંથી પણ રૂ. ૨૬,૦૫,૦૦૦ પોતાના ખાતામાં સરકાવી લીધા હતા. ઉપરાંત તેણે કાપડના જથ્થાને 138 બોગસ ચલણો બનાવી વેપારીઓને વેચીને મેળવેલા રૂ.૫૦,૦૮,૮૨૮ પણ બારોબાર પોતાના ખિસ્સામાં સરકાવી લીધા હતા.

આખરે ભેજાબાજ કેતન અશોકકુમાર ખત્રી (રહે., વિનાયક નગર રેસિડન્સી, સુમુખ સર્કલની પાસે, ડિંડોલી) સામે ફરિયાદ આપતા ખટોદરા પોલીસે ગુનો નોંધી આરોપી અકાઉન્ટન્ટને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી. ગોએન્કા સ્કૂલના વિદ્યાર્થીઓનો ચેસ-રોલર સ્કેટિંગમાં ડંકો



સુરતઃ જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતના વિદ્યાર્થીઓએ આ સીઝનમાં ચેસ અને રોલર સ્કેટિંગ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું નામ જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ બનાવ્યું છે. જેમાં યતિ અગ્રવાલે વિવિધ ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે નક્ષ સોમાણીએ પણ વિવિધ ચેસ ચેમ્પિયનશિપમાં પ્રથમ સ્થાન મેળવીને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માટે પોતાની પસંદગી નક્કી કરી હતી. રોલર સ્કેટિંગ ક્ષેત્રે ઈશાની સોંધીએ રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં નોંધપાત્ર સફળતા મેળવી હતી. શાળાના એકેડેમિક ડિરેક્ટર અને પ્રિન્સિપાલ તમામ વિજેતા વિદ્યાર્થીઓને તેમની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવ્યા અને વિદ્યાર્થીઓના કોચ, વાલીઓ તથા માર્ગદર્શકોના અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી હતી.

### રામકૃષ્ણ ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓના ગ્રુપ ચેતકનું CATC-205 કેમ્પમાં પ્રથમ સ્થાન



સુરતઃ સાર્વજનિક યુનિવર્સિટી હેઠળના શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઇડ સાયન્સિસના NCC કેડેટ્સે એસોસિએટ NCC ઓફિસર લેફ્ટનન્ટ ડો. પ્રતિભા વોરાના માર્ગદર્શન અને પ્રિન્સિપાલ ડો. ચૌલામી દેસાઈ મેમના સહયોગ હેઠળ ગ્રુપ ચેતકનું પ્રતિનિધિત્વ કરતાં તાજેતરમાં યોજાયેલા CATC-205 કેમ્પમાં ઓવરઓલ પ્રથમ સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું. આ કેમ્પ 28 જૂનથી 7 જુલાઈ 2026 દરમિયાન જીતનગર, રાજપીપળામાં યોજાયો હતો, જેમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી કુલ 481 કેડેટ્સે ભાગ લીધો હતો. ગ્રુપ ચેતકે કુલ 1 ગોલ્ડ મેડલ, 7 સિલ્વર મેડલ, 3 શીલ્ડ, 3 પ્રશંસા પ્રમાણપત્રો, 18 ભાગીદારી પ્રમાણપત્રો અને 1 ઓવરઓલ વિજેતા કપ મેળવ્યો હતો.

### દિવ્યાંગ શિક્ષણ સંકુલના 30મા વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા



સુરતઃ સુરતના ઉમરા સ્થિત ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના દિવ્યાંગ શિક્ષણ સંકુલમાં સંસ્થાના 30મા વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમ દરમિયાન દિવ્યાંગ વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ઉજવાયો તેમજ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક, પાઠ્યપુસ્તકો, સ્કૂલબેગ અને યુનિફોર્મનું વિતરણ કરવામાં આવ્યું. સુરતના ઉદ્યોગપતિ દીપક ઈજારદારે દિવ્યાંગોના વિકાસ માટે સંસ્થાને રૂ. 51 લાખનું દાન અર્પણ કર્યું હતું. કાર્યક્રમમાં કલેક્ટર તેજસ પરમાર, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, સામાજિક કાર્યકર ગજાનંદ માલપાણી, સીકર નાગરિક પરિષદના હોદ્દેદારો તેમજ સંસ્થાના પ્રમુખ અને પદ્મશ્રી ડો. કનુભાઈ ટેલર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડાપતિ બાલાજી સત્સંગ સેવા ટ્રસ્ટનો 16મો વાર્ષિક મહોત્સવ ઉજવાયો



સુરતઃ ખેડાપતિ બાલાજી સત્સંગ સેવા ટ્રસ્ટના 16મા વાર્ષિક મહોત્સવ નિમિત્તે રવિવારે ન્યૂ સિટી લાઇટ સ્થિત દેવસર માતા મંદિર હોલમાં એક સાંજ શ્રી ખેડાપતિ બાલાજીના નામે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલકાતાના કારીગરો દ્વારા ખેડાપતિ બાલાજીનો દરબાર શણગારવામાં આવ્યો હતો. બપોરે અખંડ જ્યોત પ્રજ્વલિત કર્યા બાદ ભજન સંધ્યાનો પ્રારંભ થયો હતો. સ્થાનિક ગાયક પુરન શર્મા તેમજ આમંત્રિત કલાકારો કૃષ્ણા દોલાવત અને કીર્તિ સોનીએ ભજનો રજૂ કર્યાં હતાં. ભક્તોએ ભજનો પર નૃત્ય કરી બાલાજી મહારાજની આરાધના કરી હતી. પ્રસંગે રાજસ્થાનના દાંતા સ્થિત ખેડાપતિ ધામના પૂજારી રામપ્રકાશ દાદીચનું સાનિધ્ય પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમ અંતે યજમાન પરિવારો અને અતિથિનું સન્માન કરી સર્વે ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### અલૂણાં વ્રત નિમિતે નવયુગ કોમર્સ કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ



સુરતઃ અલૂણા વ્રત નિમિતે નવયુગ કોમર્સ કોલેજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકોને આચાર્ય ડો. વિનોદચંદ્ર એન.પટેલના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સર્ટિફિકેટ અને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. આચાર્ય દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પ્રવચન આપવામાં આવ્યું હતું. સંચાલન અને આયોજન સાંસ્કૃતિક સમિતિ ડો. બિંદુબેન શાહ અને ડો. નયના સુરેજા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડો. પ્રિયંકાબેન ફૂલવાલા અને પ્રા. નિક્કી પવારે સેવા આપી હતી.

### રૂસ્તમપુરામાં આજે અનઘાષ્ટમીની વ્રત-પૂજાનું આયોજન

સુરતઃ ડુમસ રોડ ખાતેના લીલાવિશ્વંભરા દત્ત મંદિર ખાતે દર મહિને થતી અનઘાષ્ટમીની વ્રત-પૂજા આ વખતે રૂસ્તમપુરા, હિલ્સ નર્સરી પાસે ઘંટી શેરી, કૃષ્ણકુંજ ખાતે પંકજ રાણાના ઘરે આવતીકાલે સાંજે ચાર વાગ્યાથી યોજાશે.

### ડીન્કલ દેસાઈ પીએચ.ડી. થયા



સુરતઃ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત કોલેજોના લાઈબ્રેરીયન ડો.સોનલ પ્રાણનાથ ભારતીનાં માર્ગદર્શન હેઠળ ડો. ડીન્કલ એ. દેસાઈએ વીએનએસજીયુમાં રજૂ કરેલા “USERS’ SATISFACTION OF LIBRARY SERVICES: A STUDY OF VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY AFFILIATED COLLEGE LIBRARIES OF SURAT DISTRICT” વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. સંશોધક ડો. ડીન્કલ દેસાઈની સિદ્ધિ બદલ, આચાર્ય ડો. મુકેશ ગોયાણી, પીએચ.ડી.માર્ગદર્શિક ડો.સોનલ પી. ભારતી અમરોલી કોલેજ પરિવાર અને જીવનજ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.